# Telephone Conversation between Prime Minister Shri Narendra Modi and H.E. Boris Johnson, Prime Minister of the United Kingdom

**March 12, 2020**

---

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને યુનાઈટેડ કિંગ્ડમનાં વડાપ્રધાન મહામહિમ બોરિસ જ્હોન્સન વચ્ચે ટેલીફોન પર વાતચીત

**માર્ચ 12, 2020**

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પર યુનાઈટેડ કિંગ્ડમનાં વડાપ્રધાન મહામહિમ શ્રી બોરિસ જ્હોન્સન ટેલીફોન કૉલ આવ્યો હતો.

બન્ને આગેવાનોએ નવા દાયકામાં ભારત-યુકેની વ્યૂહાત્મક ભાગીદારી વધારે મજબૂત કરવાની તેઓની ઈચ્છા અભિવ્યક્ત કરી હતી. તેઓ સંમત થયા હતા કે આ ધ્યેય હાંસલ કરવા માટે વ્યાપક નકશો બનાવવો ઉપયોગી બનશે.

આબોહવાનાં ફેરફારનાં ક્ષેત્રમાં અને ખાસ કરીને હોનારત પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેનાં ગઠબંધન (સીડીઆરઆઈ) નાં સંદર્ભમાં ભારત અને યુકે વચ્ચે સહકાર પર આ આગેવાનોએ તેઓનો સંતોષ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન શ્રી મોદીએ આ વર્ષનાં અંતમાં ગ્લાસગોમાં યોજાનાર સીઓપી-26 માં આમંત્રણ પાઠવવા બદલ વડાપ્રધાન શ્રી જ્હોન્સનનો આભાર માન્યો હતો.

બન્ને વડાપ્રધાનોએ કોવિડ-19 મહામારી પરનાં વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. વડાપ્રધાન શ્રી મોદીએ યુકેનાં આરોગ્ય મંત્રી શ્રીમતિ નેદિને ડોરિસની કોરોનાવાઈરસની ટેસ્ટ પોઝિટિવ આવવા પર ચિંતા વ્યક્ત કરી હતી અને તેણી ઝડપથી સાજા થાય તે માટેની શુભેચ્છા પાઠવી હતી.

વડાપ્રધાન શ્રી મોદીએ પારસ્પરિક રીતે સાનુકૂળ તારીખ પર ભારતની મુલાકાત પર આવવા શ્રી જ્હોન્સનને આપેલા આમંત્રણનો પુનઃઉચ્ચાર કર્યો હતો.

**નવી દિલ્હી**
**માર્ચ 12, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.